## ઊંઝાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ઊંઝા.

**ક્રિમીનલ કેસ નં. : ૨૮૯/૨૦૨૬.**

**આંક – ૦૧ લગત હુકમઃ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એ પ્રમાણેની છે કે, આ કામના આરોપી એ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુન્હો કરેલ હોઈ તેની સામે બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીએ આજરોજ અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે. જેથી આરોપીને આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તો તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્ર કારની સજા આરોપી ને થઈ શકે છે.તેવી સ્પષ્ટ સમજ આરોપીને કરવામાં આવેલછે. સજાના કે દંડના બારામાં આરોપીને કોઈજ પ્રકારનુ પ્રલોભન આપવામાં આવેલ નથી આમ છતાં પણ આરોપીને જે કાંઈપણ સજા થશે તે ભોગવવા તૈયાર છે તેમ જણાવી ગુનો કબુલ કરવા તૈયારી દર્શાવેલ છે અને તે મતલબની પુરશીસ આપેલ છે.

(૩) જેથી આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાતરી કર્યા બાદ તેમની પ્લી નોંધવામાં આવી જેમાં પણ આરોપી જણાવે છે કે, મને ગુન્હો કબુલછે.

(૪) સદરહુ આરોપીની પ્લી લેતાં તેમાં આરોપીએ ગુન્હો કબુલ રહેલ છે. આરોપીની કબુલાતમાં તેમને કરવામાં આવનાર સંભવિત સજા વખતે ધ્યાનમાં લેવા યોગ્ય કારણો આરોપીએ દર્શાવેલ છે અને મૌખિક રજુઆત આરોપીએ તથા તેમના વિ.વકીલશ્રીએ પણ કરી છે.

(૫) આરોપીએ એવી ભારપુર્વક રજુઆત કરેલ છે કે, આરોપી ખુબજ ગરીબવર્ગના માણસ છે,છુટક મજુરી/ડ્રાઈવીંગ કરી પેટીયુ રડીને કુટુંબનું ગુજરાન ચલાવે છે કુટુંબ કબીલાવાળા માણસ છે. આરોપીના ઘરમાં કમાનાર તે એકજ પુરુષ વ્યકિતછે. આરોપીના આખા કુટુંબની જવાબદારી એકમાત્ર તેના પર છે તેથી સજા કરતી વખતે દયા કરવા અરજ ગુજારે છે.

(૬) ઉપરોકત તમામ હકિકતોને ધ્યાને લઈએ તો એ વાત નિર્વિવાદ છે કે, આરોપીને જો જેલની સજા કરવામાં આવે અને તે જેલમાં જાય તો તેની સામાજીક અને આર્થીક હાલત ઉપર ગંભીર અસર પહોચી શકે અને તે ભરપાઈ ન થાય તેવુ નુકશાન આરોપી પર તેમજ તેના કુટુંબ પર થઈ શકે તેમ જણાય છે. તેજ રીતે વધુ પડતો દંડ કરવામાં આવશે તો તેની માઠી અસર આરોપીની આર્થીક હાલત પર તથા કુટુંબની આજિવિકા પર પડવા સંભવ છે. જેથી આરોપીના સંજોગો અને તેમની ગુન્હા અંગેની કબુલાત ધ્યાને લઈ આ કામના આરોપીને મહત્તમ સજા કરતા ઓછી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ હું માનુ છુ. સબબ, નીચે મુજબનો હુકમ ફરમાવુછુ.

**:: હુકમ ::**

આ કામના આરોપીને બી.એન.એસ.કોડની કલમ– ૨૭૫ મુજબ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ ૨૨૩ માટે અંકે રુા.૨૦૦/–(અંકે રુપીયા બસો પુરા)દંડની સજાનો હુકમ કરવામા આવે છે તથા દંડ ના ભરે તો દિન–૪ની સજા ભોગવવી.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**યોગિતા શર્મા**
CODE No. GJ 01529
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઊંઝા.

---

દંડ રૂ............. અંકે રૂપિયા.................. પુરા પાવતી નં........... ઉપર વસુલ આવેલ છે.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.

નાઝર
મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ, ઊંઝા.